ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ** **તા. ૩૦.૦૭.૨૦૧૭**

**કોંગ્રેસના નેતૃત્વની નિષ્ફળતા છૂપાવવા માટે શક્તિસિંહ દ્વારા મીડિયા સામે ઈમોશલન ડ્રામા કરવામાં આવી રહયો છે – જીતુભાઈ વાઘાણી**

------------------------

**કોંગ્રેસને ગુજરાતની પૂર ગ્રસ્ત પ્રજાને બચાવવામાં નહિ, પરંતુ માત્ર અહેમદભાઈને બચાવવામાં જ રસ છે – જીતુભાઈ વાઘાણી**

------------------------

**સોનિયાજીએ દિકરાના મોહ્માં આખી કોંગ્રેસ ડૂબાડી હવે સોનિયાજીના સલાહકાર પોતાની સીટ બચાવવા માટે હવાતીયા મારી રહ્યા છે – જીતુભાઈ વાઘાણી**

------------------------

**બેબુનિયાદ આક્ષેપો દ્વારા કોંગ્રેસ તેના સ્વભાવ મુજબ ગુજરાતને બદનામ કરી રહી છે – જીતુભાઈ વાઘાણી**

------------------------

**મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ સંગઠનના સૌ આગેવાનો-કાર્યકરો રાત-દિવસ પૂર પીડિતોની સહાયમાં વ્યસ્ત જયારે કોંગ્રેસના ધારાસભ્યો બેંગ્લોરની મહેફિલમાં મસ્ત – જીતુભાઈ વાઘાણી**

------------------------

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ કોંગ્રેસ અને શક્તિસિંહના મીડિયા સમક્ષના નિવેદનો સામે તીવ્ર પ્રત્યાઘાત આપતા જણાવ્યું હતું કે, ગુજરાતના અનેક વિસ્તારો આજે પૂર ગ્રસ્ત છે ત્યારે પ્રજા વચ્ચે જઈ સેવાકીય કામગીરી કરવાને બદલે કોંગ્રેસ તેના ધારાસભ્યોને લઈને બેંગ્લોરની ફાઈવ સ્ટાર હોટલમાં મીજબાની કરી રહી છે. બેંગ્લોરમાં કોંગ્રેસના નેતાઓ પ્રેસ કોન્ફરન્સમાં બેબુનિયાદ આક્ષેપો દ્વારા ગુજરાતને બદનામ કરી રહી છે. આ શરમજનક ઘટનામાં કોંગ્રેસ લાજવાને બદલે ગાજી રહી છે. કોંગ્રેસને ગુજરાતની પૂર ગ્રસ્ત પ્રજાને બચાવવામાં નહિ, પરંતુ માત્ર અહેમદભાઈને બચાવવામાં જ રસ છે. કોંગ્રેસના આંતરિક કલહ, નિષ્ફળ નેતાગીરી અને બેજવાબદાર નીતિરીતિથી ત્રસ્ત થઇ કોંગ્રેસના વિપક્ષના નેતા, મુખ્ય દંડક, પ્રવક્તા, સહકારી અગ્રણીઓ તેમજ વરિષ્ઠ આગેવાનોએ કોંગ્રેસ છોડી છે. ત્યારે કોંગ્રેસ તેની નિષ્ફળતા છૂપાવવા માટે ભાજપા પર ખોટા આક્ષેપો કરી રહી છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના શક્તિસિંહ એમ કહે છે કે કોંગ્રેસના ધારાસભ્યો ગુજરાતમાં સલામત નથી તેથી બેંગ્લોર લઈ ગયા છે. તેવા વાહિયાત નિવેદનો દ્વારા ગુજરાતને બદનામ કરી રહ્યા છે. આજે ગુજરાત સમગ્ર વિશ્વમાં તેની શાંતિ અને સલામતી માટે વખણાય છે. વાસ્તવમાં કોંગ્રેસના નેતૃત્વથી નારાજ ધારાસભ્યો કોંગ્રેસમાંજ ભય અને અસલામતી અનુભવે છે. અહેમદભાઈ આજે ભૂતકાળમાં કયારેય ન રહ્યા હોય તેટલા દિવસથી ગુજરાતમાં છે, ત્યારે અહેમદભાઈ ગુજરાતમાં સંપૂર્ણ સુરક્ષિત છે પણ તેની ખુરશી સુરક્ષિત નથી તેથી જ કોંગ્રેસના ધારાસભ્યોને બેંગ્લોરમાં બંધક બનાવ્યા છે. સોનિયાજીએ દિકરાના મોહ્માં આખી કોંગ્રેસ ડૂબાડી હવે સોનિયાજીના સલાહકાર પોતાની સીટ બચાવવા માટે હવાતીયા મારી રહ્યા છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં થયેલ અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં પ્રજાજનોની સહાયતા માટે પહેલાજ દિવસથી ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ વિપરીત હવામાન વચ્ચે પણ અસરગ્રસ્તોની વચ્ચે જઈ જાત માહિતી મેળવી. તમામ સહાય-સામગ્રી પૂરી પાડી બચાવ કામગીરી ઝડપી બનાવી હતી. પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પણ બીજા દિવસે તાબડતોડ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તેઓએ કુદરતી આફત-અતિવૃષ્ટિનો ચિતાર મેળવી તુરંતજ અસરગ્રસ્તોને કેન્દ્ર સરકાર તરફથી ૫૦૦ કરોડની પ્રાથમિક સહાયની જાહેરાત કરી હતી. ત્યારે કોંગ્રેસે ફક્ત તેની કારોબારીમાં ઠરાવ કરી સંતોષ માન્યો હતો.

...૨...

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી આજથી પાંચ દિવસ માટે બનાસકાંઠાના અસરગ્રસ્ત વિસ્તારોમાં રહેવાના છે. ગુજરાતના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી સાથે સમગ્ર મંત્રીમંડળ, તમામ ધારાસભ્યશ્રીઓ અને સમગ્ર સરકારી તંત્ર તેમજ ભાજપા સંગઠનના સૌ કાર્યકર્તાઓ અને આગેવાનો સેવા મંત્ર સાથે અતિવૃષ્ટિમાં અસરગ્રસ્તોની લોકસેવામાં વ્યસ્ત છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં હજારોની સંખ્યામાં રાહત સામગ્રી-કીટનું વિતરણ પૂર જોશમાં ચાલુ છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, અતિવૃષ્ટિના પહેલાજ દિવસથી ભાજપા કાર્યાલય પર અસરગ્રસ્તોની સહાય માટે ૨૪ કલાકનો કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. ભાજપા સંગઠન દ્વારા ૩૩ વસ્તુઓની કીટ અને અન્ય રાહત સામગ્રીઓ ટ્રકો ભરી અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચાડવામાં આવી રહી છે. અને દરેક જીલ્લામાં પણ આ ૩૩ વસ્તુઓની કીટ બનાવીને તાત્કાલિક પહોંચાડવાની સૂચના આપવામાં આવી છે. અને સામાજીક સંસ્થાઓને પણ ભાજપ તરફથી અપીલ કરું છું કે જીવન જરૂરિયાતની ૩૩ પ્રકારની વસ્તુઓ જે તે ભાજપ જીલ્લા કાર્યાલય પર પહોંચાડે અને અસરગ્રસ્તોને સહયોગ આપે. પરિસ્થિતિ થાળે પડતા જ તબક્કા વાર, યુવા મોરચા દ્વારા સફાઈ અભિયાન, મહિલા મોરચા દ્વારા રસોઈ સેવા, ડૉકટર સેલ દ્વારા મેડીકલ કેમ્પ જેવી રાહત કામગીરી કરવા માટેનું સૌ કાર્યકર્તાઓએ આયોજન કર્યું છે. અંતમાં શ્રી વાઘાણીએ તમામ સામાજીક આગેવાનો, રાજકીય આગેવાનો તેમજ સામાજીક સંસ્થાઓનો પણ રાહત કામગીરીમાં જોડાવા બદલ આભાર માન્યો હતો.

## ભાજપા દ્વારા નીચે મુજબની કીટનું વિતરણ કરવામાં આવનાર છે

| રાશન કીટ | કિચન સેટ | જીવન જરૂરી અન્ય સામગ્રી |
|---|---|---|
| ઘઊંનો લોટ - ૫ કિલો | થાળી - ૫ | શેતરંજી - |
| ચોખા - ૨ કિલો | વાટકી - ૫ | ચાદર - |
| તુવેર/મગ દાળ - ૧ કિલો | ગ્લાસ - ૫ | તાળપત્રી - |
| મરચાનો પાઉડર- ૨૦૦ ગ્રામ | લોટા - ૨ | સ્લીપર - |
| હળદર - ૨૦૦ ગ્રામ | કથરોટ/તાસ - ૧ | ધાબળા/ચોરસા - |
| જીરૂ - ૧૦૦ ગ્રામ | તપેલી - ૩ (નાની/મોટી) | ધોતી - |
| રાઈ - ૧૦૦ ગ્રામ | લોઢી - ૧ | સાડી - |
| મીઠું - ૫૦૦ ગ્રામ | ચમચા - ૨ | ટુવાલ - |
| ખાંડ - ૧ કિલો | સાણસી - ૧ | છત્રી - |
| ચા પત્તી - ૨૫૦ ગ્રામ | પ્રાયમસ - ૧ | |
| માચીસ - ૧ બોક્સ | ગળણી - ૧ | |
| વોશીંગ પાઉડર - ૧ કિલો | ડબ્બા - ૩ (સ્ટીલ/પ્લાસ્ટિક) | |

(ડૉ. હર્ષદ પટેલ)
મીડીયા વિભાગ